| હવામાન | મહત્તમ | લઘુતમ |
|---|---|---|
| અમદાવાદ | ૩૨.૦° સે. | ૨૬.૦° સે. |
| ગાંધીનગર | ૩૨.૦° સે. | ૨૬.૦° સે. |
| ભાવનગર | ૩૩.૦° સે. | ૨૭.૦° સે. |
| રાજકોટ | ૩૧.૦° સે. | ૨૫.૦° સે. |


# ઉત્તર ગુજરાત-સૌરાષ્ટ્રમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩




## ભાવનગર જિલ્લા બાદ શહેર ભાજપમાં ડખો, શિસ્તના લીરેલીરા ઊડયા

**આત્મવિલોપનની ચિમકી આપનાર મેયરને પ્રદેશ મહામંત્રીની શિસ્તમાં રહેવા સૂચના**




રાજકોટ : શિસ્તબદ્ધ ભાજપ પક્ષમાં જ શિસ્તના લીરા ઉડતા હોય તેવી પરિસ્થિતિનું નિર્માણ થયું છે. થોડા સમય પહેલા જિલ્લા ભાજપના પૂર્વ અધ્યક્ષ દ્વારા ભાજપના ધારાસભ્ય સામે ખુલ્લેઆમ ભ્રષ્ટાચારના આક્ષેપો કર્યા હતા ત્યારે હવે ભાવનગરના મેયરે સંગઠનની કાર્યપદ્ધતિ સામે સોશિયલ મીડિયા મારફત ભડાસ કાઢી હતી અને આત્મવિલોપન સુધી ચીમકી પણ આપી હતી.

આ વિવાદ છેક પ્રદેશ સુધી પહોંચતા આજે પ્રદેશ ભાજપના મહામંત્રી રત્નાકરજી સૌરાષ્ટ્ર ઝોનની બેઠકમાં ભાવનગર આવ્યા હતા ત્યારે મેયરને ભાજપ કાર્યાલય બોલાવી કડક ભાષામાં પાર્ટીના શિસ્તના પાઠ ભણાવ્યા હતા અને શહેર પ્રમુખને પણ સીનીયર નેતાનું સન્માન જાળવવા જણાવ્યું હતું.

ભાવનગર શહેરના પ્રથમ નાગરિક ભરતભાઈ બારડ ગઈકાલે રાત્રે ભાવનગર શહેર ભાજપના વોટ્સઅપ ગ્રુપમાં તેઓના ભાજપમાં કાર્યકર્તાના 45 વર્ષના કાર્યકાળની કામગીરી વર્ણવી તેઓ કોઈની ભલામણથી મેયર નહીં બન્યા હોવાનું તેમજ તેઓ અમુક લોકોના નિશાન પર હોવા સાથે તેઓ સાથે ખરાબ વર્તન થતું હોવાનું પણ જણાવ્યું હતું અને અંતમાં તેઓને ખોટી રીતે દબાવવામાં આવશે તો આત્મવિલોપન કરવા સુધીની પણ ચીમકી ઉચ્ચારી હતી.

પરંતુ રાત્રે જ સોશિયલ મીડિયામાંથી તમામ ચેટની પોસ્ટ દૂર કરવામાં આવી હતી અને તેને સમજાવવા માટે ભાજપના આગેવાનો તેના ઘરે પહોંચી ગયા હતા. જ્યારે આજે સવારથી જ મેયરનો પણ સુર બદલાઈ જતા પોપટ રટણ કરી ભાજપના ગુણગાન ગાતા હતા અને પક્ષની આંતરિક બાબત હતી કહી ફેરવી તોળ્યુ હતુ.

પરંતુ ભાજપની શિસ્તના લીરા ઉડતા આજે ભાજપની સૌરાષ્ટ્ર ઝોનની ભાવનગર ખાતે બેઠકમાં ભાજપના પ્રદેશ મહામંત્રી રત્નાકર ભાજપ કાર્યાલય ખાતે આવ્યા હતા ત્યારે મીડિયાથી બચાવવા ભાજપના આગેવાનોએ રત્નાકરને કોર્ડન કરી કાર્યાલયમાં લઈ જઈ બારણા બંધ કરી દીધા હતા.

અને બંધ બારણે સૌરાષ્ટ્ર ઝોનની બેઠક પણ યોજી હતી. મેયર ભરતભાઈ બારડ શહેર ભાજપ કાર્યાલય ખાતે રત્નાકરજીના સ્વાગત માટે ગયા હતા ત્યારે રત્નાકરજીએ મેયરને કડક શબ્દોમાં સાનમાં સમજાવ્યા હોવાનું જાણવા મળ્યું છે.

જો કે આજે આખો દિવસ મેયરના આત્મવિલોપનની પોસ્ટ ચર્ચામાં રહી હતી.

### મારા જાણમાં નથી, પ્રમુખ અજાણ બન્યા

સોશિયલ મીડિયામાં મેયરની પોસ્ટ બાબતે શહેર ભાજપ પ્રમુખ કુમારભાઈ શાહ ભાજપના ગ્રુપમાં હોવા સાથે જગજાહેર પોસ્ટ હોવા છતાં જાણી જોઈને અજાણ બન્યા હતા. અને તેઓએ જણાવ્યું હતું કે " મેયરની સોશિયલ મીડિયાની પોસ્ટ મારા જાણમાં નથી. સિનિયર કાર્યકર્તા છે વડીલ છે. પરિવારના પ્રશ્નોનો સાથે બેસી હળી મળીને શાંતિથી નિરાકરણ લાવશું.

### મેયરને દબાણ હટાવ કર્મચારીની બદલી મોંઘી પડી

કોર્પોરેશન દ્વારા લારી ગલ્લા અને પાથરણાવાળાના દબાણ હટાવવાની કરવામાં આવતી કામગીરી માટે મેયર સહમત ન હતા અને વારંવાર તે બાબતે વિવાદ પણ થયા છે. ત્યારે દબાણ હટાવ વિભાગના કર્મચારી બુધેશભાઈ ધાંધલીયાની બદલીનો મેયરે આગ્રહ રાખ્યો હતો. પરંતુ તાજેતરમાં થયેલી બદલીના ઘાણવામાં તે કર્મચારીની બદલી નહીં થતાં મેયર ગીન્નાઈ ગયા હતા અને ઘરાર સિંગલ ઓર્ડરથી કર્મચારીની બદલી કરાવી હતી. જે બાબતે પાર્ટીને વિશ્વાસમાં લીધા વગર કરાવેલી બદલીનો મેયરને ઠપકો પણ પડ્યો હતો.

## ગુજરાત સરકાર રચિત યુસીસી કમિટીને હાઈ કોર્ટની લીલીઝંડી

**સુરતના અરજદારની અરજી ફગાવી**

અમદાવાદ,તા.31: યુનિફોર્મ સિવિલ કોડ (યુસીસી) કમિટીમાં લઘુમતિ સમુદાયનો સભ્ય નહીં હોવાથી આ કમિટીની પુનઃરચના કરવી જોઈએ, તેવી દાદ માંગતી સુરતના અરજદાર અબ્દુલ વહાબ મોહમ્મદ શબીર સોપારીવાલા દ્વારા કરવામાં આવેલી રીટ અરજી ગુજરાત હાઈકોર્ટ આજે ફગાવી દીધી છે.

સુરતની એક અરજદારે દાવો કર્યો હતો કે યુસીસી કમિટીમાં લઘુમતી સમુદાયો અને નિષ્ણાતોનો પૂરતો સમાવેશ કરવામાં આવ્યો નથી. તેમણે કમિટીની રચનાને ગેરકાયદે ગણાવી હતી.એડવોકેટ ઝમીર શેખ દ્વારા એવી દલીલ કરાઈ હતી , કે 4 ફેબ્રુઆરી, 2025ના રોજ રાજ્યના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે ગુજરાત રાજ્યમાં યુનિફોર્મ સિવિલ કોડને લાગુ કરવા શક્યતાઓ તપાસવા માટે એક કમિટીની જાહેરાત કરી હતી. જે ગુજરાતમાં યુસીસીને લગતો ડ્રાફ્ટ તૈયાર કરશે.જો કે આ કમિટીમાં કોઈ લઘુમતિ સમુદાયનો સભ્ય નહીં હોવાથી આ કમિટીની પુનઃરચના કરવી જોઈએ. જસ્ટીસ નિરલ મહેતાએ આખરી આદેશમાં નિરીક્ષણ કર્યુ હતું કે એકવાર સમિતિની રચના ભારતના બંધારણની કલમ 162 હેઠળ સંપૂર્ણ રીતે એક્ઝિક્યુટિવ ઓર્ડર દ્વારા થઈ જાય, તો તેનાથી વિપરીત કોઈપણ કાયદાકીય જોગવાઈઓની ગેરહાજરીમાં, સમિતિની રચના માટે ચોક્કસ સભ્યોની પસંદગી રાજ્ય સરકારના સંપૂર્ણ અધિકાર ક્ષેત્રમાં રહેશે.અને તેથી તે રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલી સમિતિના સભ્યોની પસંદગી કરવા માટે સંપૂર્ણપણે વાજબી છે અને જેના માટે, આ કોર્ટને દરમયાનગીરી કરવું યોગ્ય લાગતુ નથી.

## અમરેલી -બાબરારોડનો પુલ જર્જરિત હોવાથી ST માટે વૈકલ્પિક રૂટ નક્કી કરાયો

**એસટી બસો હવે શેડુબાર ડેરી સાયન્સ રોડ પરથી પસાર થશે**



રાજકોટ : અમરેલીથી બાબરા રોડ પર નાના માચીયાળા નજીક ઠેબી નદી પરનો પુલ જર્જરીત હાલતમાં છે. અહીં ભારે વાહનો માટે વાહન વ્યવહાર બંધ કરવામાં આવ્યો છે.

ત્યારે હવે આ પુલ પરથી એસટી બસો પણ પસાર થઈ શકશે નહી. અહીંથી પસાર થતી એસટી બસો માટે વૈકલ્પિક રૂટ નક્કી કરવામાં આવ્યો છે.

અમરેલીથી બાબરા રોડ પર આવેલા પુલની ખરાબ સ્થિતિના પગલે એસટી બસો માટે વૈકલ્પિક રૂટ નક્કી કરવામાં આવ્યો છે. આ પુલ પરથી એસટી બસોના પસાર થવા પર પ્રતિબંધ મુકતુ અમરેલી જિલ્લા કલેક્ટર વિકલ્પ ભારદ્વાજે જાહેરનામું પ્રસિદ્ધ કર્યુ છે. અમરેલીથી બાબરા અને બાબરાથી અમરેલી આવતી એસટી બસો હવે શેડુબાર ડેરી સાયન્સ રોડ પરથી પસાર થશે.

અમરેલીથી બાબરા તરફ જતી એસટી બસોએ નાના માચીયાળા-મોટા માચીયાળા-શેડુભાર-ડેરી સાયન્સ કોલેજ રોડ પરથી પસાર થવાનું રહેશે. આ ઉપરાંત બાબરાથી અમરેલી તરફ જતી એસટી બસોએ ડેરી સાયન્સ કોલેજ-શેડુભાર-મોટા માચીયાળા-નાના માચીયાળા રોડ પરથી પસાર થવાનું રહેશે.

## રાજકોટના પાંચ દિવસના લોકમેળામાં અઘોરી ગ્રુપ પણ આકર્ષણ જમાવશે

**વીજ પ્રવાહ અવિરત ચાલુ રહે તે માટે PGVCLનો કંટ્રોલરૂમ ધમધમશે**



રાજકોટઃ રાજકોટના રેસકોર્સ મેદાનમાં આગામી તારીખ 14થી 18 ઓગસ્ટ દરમિયાન જન્માષ્ટમીનો લોકમેળો યોજાવાનો છે. જેમાં સૌરાષ્ટ્રમાંથી અંદાજે 15 લાખથી વધુની જનમેદની મેળો માણવા માટે ઉમટી પડશે. હાલ 234માંથી 143 જેટલા સ્ટોલ અને પ્લોટ ખાલી રહી ગયા છે ત્યારે ખાલી રહેતા પ્લોટ માટે ફોર્મ ભરવાનો આજે છેલ્લો દિવસ છે. જે બાદ પણ સ્ટોલ કે પ્લોટ ખાલી રહેશે તો તે જગ્યાએ અલગ-અલગ પ્રકારની સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ અને મ્યુઝિકલ ઈવેન્ટ થકી લોકોનું ધ્યાન આકર્ષિત કરવામાં આવશે. જેમાં અઘોરી ગ્રુપ, અનિરુધ્ધ આહિર, રાજુ જાદવ, રાજ ગઢવી અને અલ્પાબેન પટેલના કાર્યક્રમો યોજાશે. અત્યાર સુધીમાં લોકમેળામાં સ્ટોલ અને પ્લોટના વેચાણ થકી વહીવટી તંત્રને રૂ.1.80 કરોડની આવક થઈ છે. કલેકટર ડો. ઓમ પ્રકાશે જણાવ્યું હતું કે, રાજકોટના રેસકોર્સ મેદાનમા આગામી તારીખ 14થી 18 ઓગસ્ટ દરમિયાન જન્માષ્ટમી લોકમેળો યોજાવાનો છે, જેમાં મોટી યાંત્રિક રાઈડ સહિતમાં ખૂબ જ સારો પ્રતિસાદ મળેલો છે. જોકે, 143 પ્લોટ ખાલી છે તેને માટે ફોર્મ ભરવાનો આજે છેલ્લો દિવસ છે. જેમાં પણ અમને આશા છે કે, મોટાભાગના પ્લોટની ખરીદી વેપારીઓ કરી લેશે. જો ત્યારબાદ પણ તમામ પ્લોટનું વેચાણ નહીં થાય તો ત્યાં સરકારી સંસ્થાઓને સ્ટોલ રાખવા માટેની મંજૂરી આપવામાં આવશે. આ વખતે લોકમેળામાં અઘોરી ગ્રુપ દ્વારા બેન્ડ પરફોર્મ કરવામાં આવશે. આ સાથે જ કચ્છના મ્યુઝિકલ આર્ટિસ્ટ અનિરુદ્ધ આહિરની પણ ઈવેન્ટ યોજાશે. લોકમેળાનું નામ ટૂંક સમયમાં જાહેર કરાશે તો સાથે જ તેની આમંત્રણ પત્રિકા પણ થોડા દિવસ તૈયાર થઈ જશે.

## ગાંધીનગરની પાણી પુરવઠા બોર્ડની કચેરીમાં મુખ્યમંત્રીની ઓચિંતી મુલાકાત

**ફરજમાં ચૂક મળશે તો કર્મચારીએ ઘરે બેસવાની તૈયારી રાખવી પડશે**

ગાંધીનગર : સીએમ ભૂપેન્દ્ર પટેલ રાજ્ય સરકારના વિભાગો અને જિલ્લા કચેરીઓની કામગીરી તથા અરજદારો સાથે સંવેદનાપૂર્ણ વ્યવહાર માટે સતત મોનિટરિંગ કચેરીઓની પ્રત્યક્ષ અને ઓચિંતી મુલાકાત દ્વારા કરતા રહે છે. આ સંદર્ભમાં કોઈપણ આગોતરી જાણ કર્યા વિના જિલ્લા કચેરીઓની ઓચિંતી મુલાકાતનો ઉપક્રમ તેમણે અપનાવ્યો છે. સીએમ ભૂપેન્દ્ર પટેલે આ ઉપક્રમમાં આજે ગાંધીનગરમાં સહયોગ સંકુલમાં કાર્યરત ગુજરાત પાણી પુરવઠા ગટર વ્યવસ્થા બોર્ડના જાહેર આરોગ્ય બાંધકામ વિભાગના કાર્યપાલક ઈજનેરની કચેરીની મુલાકાતે ઓચિંતા જ પહોંચ્યા હતા. સહયોગ સંકુલના બી-બ્લોકમાં આવેલી આ કચેરી સાથે જ કાર્યરત વાસ્મોની જિલ્લા જળ અને સ્વચ્છતા યુનિટ કચેરીની કામગીરીની વિગતો પણ મુખ્યમંત્રીએ આ ઓચિંતી મુલાકાત દરમિયાન મેળવી હતી.

તેમણે હેલ્પલાઈન પર મળતી ઓનલાઈન ફરિયાદો અને તેના નિવારણ માટે કરવામાં આવતી કાર્યવાહીની જાણકારી પણ અધિકારીઓને પુછપરછ કરીને મેળવી હતી. તેમજ ગ્રામીણ સ્તરની પાણી સમિતિઓની રજૂઆતો હલ કરવા માટે થતી કામગીરીની પણ સમીક્ષા કરી હતી અને અધિકારીઓને જરૂરી સુચનો કર્યા હતા. સીએમ ભૂપેન્દ્ર પટેલે આ અગાઉ ખેડા જિલ્લામાં તેમના પ્રવાસ દરમિયાન ત્યાંની કચેરીઓ તથા ગાંધીનગરના જુના સચિવાલય સંકુલમાં આવેલી કચેરીઓની સરપ્રાઈઝ વિઝીટ પણ કરેલી છે.

મુખ્યમંત્રીની આ ઓચિંતી મુલાકાતથી સહયોગ સંકુલમાં આવેલી કચરીઓના અધિકારી-કર્મચારીઓએ પોતાની ફરજ પ્રત્યે જાગૃત થઈ ગયેલા જોવા મળ્યા હતા. એટલું જ નહીં કોઈ પણ જાતની લાલિયાવાડી ચાલશે નહીં, જો ફરજમાં કોઈ ચૂક થઈ તો , અધિકારીને ઘરે બેસાડી દેવા પણ મુખ્યમંત્રી હવે ખચકાય તેમ નથી. ગંભીરા બ્રીજ તૂટી પડવાની ઘટના બાદ સીએમ ભૂપેન્દ્ર પટેલ આકરા પાણીએ આવી ગયા હોય તેમ લાગી રહ્યું છે. તાજેતરમાં રાજકોટ જિલ્લામાં એક ખેડૂતો પેતાના ખેતરમાં જવા આવવા માટે માફિયાઓ પરેશાન કરતાં હોવાની ફરિયાદ કરતાં મુખ્યમંત્રીએ જિલ્લા પોલીસ વડા સાથે ફોન પર સૂચનાઓ આપી હતી.

### સુડોકુ ૬૨૮૫

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | | | ૬ | | ૫ | ૮ | ૩ | |
| | | ૬ | | | | ૫ | | ૯ |
| | | | | ૨ | | ૪ | ૬ | ૧ |
| ૪ | ૧ | | | ૩ | ૬ | | | ૭ |
| | | | | ૪ | ૨ | ૬ | ૫ | ૮ |
| ૬ | ૫ | ૨ | | ૭ | | ૧ | | |
| ૯ | | | | | | | ૧ | |
| ૧ | | ૪ | | ૫ | | ૩ | | |
| | ૩ | | | | ૧ | | | |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોકસમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

### દાદીમાના નુસખા

**મીનુ પરબીઆ - સ્યોમંદ પરબીઆ**

**ત્રાકકણ - પ્લેટલેટ ઘટવા**

બહારના આક્રમણ સામે લડતાં લોહીમાં ત્રાકકણ ઘટે છે. તેની પૂર્તિ થવી આવશ્યક છે. પપાઉ પાન એક નો રસ અને કુમારપાઠ નો ગર 30g જેટલો રોજ ખાવાથી પરિણામ સારું મળે છે. પ્રવાહી વિપુલ પ્રમાણમાં લેવું.

### શબ્દગુંફન - ૭૦૨૮

અરવિંદ એસ. મારૂ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ■ | ૩ | | ૪ | | ■ | ૫ |
| | ■ | ૬ | | | ■ | | ■ | ૭ | |
| ૮ | ૯ | | ■ | ૧૦ | | ■ | ૧૧ | | ■ |
| ૧૨ | | ■ | ૧૩ | | ■ | ૧૪ | ■ | ૧૫ | ૧૬ |
| ■ | ૧૭ | ૧૮ | ■ | ■ | ૧૯ | | ૨૦ | ■ | |
| ૨૧ | ■ | ૨૨ | | ૨૩ | | ■ | | ■ | |
| ૨૪ | | | ■ | | ■ | ૨૫ | | ૨૬ | |
| | ■ | ૨૭ | ૨૮ | | | | ■ | | ■ |
| ૨૯ | ૩૦ | ■ | | ■ | ■ | ૩૧ | | | ■ |
| ■ | ૩૨ | | ■ | ૩૩ | | | ■ | ૩૪ | |

**આડી ચાવી**
૧. વિશ્વાસપાત્ર (૩)
૩. ઘોડેસવાર લશકર (૪)
૬. બુદ્ધિશાળી (૩)
૭. આનંદ (૨)
૮. એક રોગ(૩)
૧૦. રાંધેલા ચોખા (૨)
૧૧. સોનું (૨)
૧૨. ફ્ળો વગેરેનું પીણું (૨)
૧૩. રોગવાળું (૨)
૧૫. ઇંચ જેટલુ માપ (૨)
૧૭. બીક, દહેશત (૨)
૧૯. વેચાણ ઉપરનું વળતર(૩)
૨૨. ઉતાવળનો ગભરાટ (૪)
૨૪. મોટાઈ (૩)
૨૫. અજોડ (૪)
૨૭. નમ્રતા, નરમાશ (૫)
૨૯. હાલ, દશા (૨)
૩૧. વચ્ચે વાપરવાનું સાધન (૩)
૩૨. સો (૨)
૩૩. બાગ, આનંદ (૩)
૩૪. તારીખ (૨)

**ઊભી ચાવી**
૧. સાપ (૪)
૨. ખૂબ ધીરજવાળું (૩)
૩. કમનસીબ (૪)
૪. કૃપા, રહેમ (૨)
૫. દંડ, શિક્ષા (૨)
૭. મારાપણું, હેત, સ્નેહ (૩)
૯. ઇલાજ, હિકમત (૩)
૧૪. સાધુ-સંતના માથાના લાંબાવાળનું ઝૂંડ (૨)
૧૬. બાદશાહ (૪)
૧૮. હુકમ (૪)
૧૯. ટેક,આબરૂ (૨)
૨૦. વહેવું તે (૩)
૨૧. ચાલવાનો અવાજ (૪)
૨૩, વગાડવું તે (૩)
૨૫. અપ્રામાણિક વિશ્વાસઘાતી (૪)
૨૬. બેવકૂફ (૪)
૨૮. દહીં (૨)
૩૦. જરાક (૨)

### આજનું પંચાંગ

**તા. 01/08/2025, શુક્રવાર**

**વિક્રમ સંવત :** 2081 **શાકે :** 1947
**વીર સંવત :** 2551 **માસ :** શ્રાવણ
**તિથિઃ** સુદઃ આઠમ : વૃદ્ધિ તિથિ છે.
**અયન :** દક્ષિણાયન **ઋતુ :** વર્ષા
**રાષ્ટ્રિય દિનાંક :** શ્રાવણ: 10
**યોગ :** શુભ **કરણઃ** વિષ્ટિ
**નક્ષત્ર :** સ્વાતિ: 27:41 **રાશિઃ** તુલા (ર.ત.)
**દિવસ :** અશુભ, જીવંતીકા પૂજન, દુર્ગાષ્ટમી-લોકમાન્ય પુ.તિ.
**સુરતમાં સૂર્યોદય :** 06:13 **સુરતમાં સૂર્યાસ્ત :** 19:16
**નવકારસી :** 07:01
**પારસી વર્ષ :** 1394, સ્પેન્દારમદ માસનો 22મો રોજ
**મુસલમાન વર્ષ :** 1447, સફર માસનો 06ઠો રોજ
**દિવસનાં ચોઘડિયાંઃ** ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ
**રાત્રિનાં ચોઘડિયાંઃ** રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ
**રાહુ કાળ :** સવારે : 10:30 થી 12:00 સુધી

### આપની આજ

**જ્યોતિષાચાર્ય હંસરાજ**

**મેષ (અ,લ,ઇ,):** અપેક્ષિત કામમાં પરિવારની મદદ મળે. દામ્પત્ય અને અંગત જીવન રંગીન અને રોમેન્ટીક રહેશે.

**વૃષભ (બ,વ,ઉ,):** મોજ-શોખ પાછળ ખર્ચ વધશે. નોકરીમાં પ્રગતિ થાય. હરીફોની હેરાનગતિ રહે.

**મિથુન (ક,છ,ઘ,):** પ્રેમ બાબતે વિશ્વાસ વધશે. મિત્રો સાથે મનોરંજન થાય. નવા રોકાણથી લાભ થાય.

**કર્ક (ડ,હ,):** વાહન-મિલકતની ખરીદી કે વેચાણ થઇ શકે છે. નોકરીમાં નવાં ફેરફારથી રાહત થાય.

**સિંહ (મ,ટ,):** પાર્ટી-પીકનીકનું આયોજન થાય. નોકરી ધંધાર્થે પ્રવાસ થાય. ભાડાની આવક વધે.

**કન્યા (પ,ઠ,ણ,):** વાણી-વ્યવહાર અને બૌદ્ધિક પ્રભાવથી અટકેલાં કામ પાર પડે. આવક વધે.

**તુલા (ર,ત,):** ગુસ્સા પર કાબુ રાખવો. પ્રવાસમાં રંગીન મુલાકાત થાય. નવા કામની યોજના બને.

**વૃશ્ચિક (ન,ય,):** સત્સંગ-પૂજા પાઠ અને દાન-પુણ્યમાં શાંતિ મળે. સમાજ જીવનમાં સાવધાની રાખવી.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** રોમેન્ટીક મુલાકાત થાય. મિત્રો સાથે મનોરંજ થાય. આવકના સાધનો વધશે.

**મકર (ખ,જ,):** સમાજ જીવનમાં યશ મળે. સ્ત્રીવર્ગને ઉપયોગી ચીજ વેપારમાં આવક વધે.

**કુંભ (ગ,સ,શ,ષ,):** ધાર્મિક સાહિત્ય ધાર્મિક પ્રવાસ, પર્યટન વગેરેના કામમાં આર્થિક લાભ થાય.

**મીન (દ,ચ,ઝ,થ,):** ઉઘરાણી આવે. સરકારી યોજનાનો લાભ મળે. વીમા-એજન્સીનો કામ થાય.

### કોઇ પણ સાલમાં 01 ઓગસ્ટે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સફળતા અને નવી તકો પુરી પાડનાર રહેશે. સરકારી નોકરીની તક મળે. નોકરી-ધંધામાં નવા ફેરફારથી રાહત થાય. પ્રમોશન અને આવક વધે. નવા રોકાણ સરળ બને. ઉઘરાણી આવે. સમાજમાં પ્રતિષ્ઠા વધે. ઉંમરલાયકને યોગ્ય પાત્ર મળે. આર્થિક બાબતે ચડતી-પડતી છતાં સામાન્ય રહે. નવા ઘર, વાહન, મકાન બાબતે શરૂઆતમાં સફળતા મળે. સંતાનોનાં અભ્યાસ - કેરીયરમાં પ્રગતિ થાય. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં પ્રગતિ થાય. વિદ્યાર્થીઓને ટેક્નોલોજીથી લાભ થાય. વિદેશનાં કામમાં ગતિ આવે. વારસા, જાયદાદ, જમીન જેવાં કામમાં વડીલોની મદદ મળે. વધારાની આવકના પ્રોજેકટરમાં મિત્રો મદદ રૂપ બને. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મથી શાંતિ મળે. જુલાઇ-ઓગસ્ટમાં ઇચ્છીત કાર્યમાં સફળતાથી ઉત્સાહ વધશે. નવેમ્બર -ડિસેમ્બરમાં સામાજિક અશાંતિ અને સંતાનોનાં ખર્ચા વધશે.

**સુરતમાં નિર્માણાધીન ડ્રીમ સિટીના ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ સહિતના માસ્ટર પ્લાન વિષે પણ વિસ્તૃત ચર્ચા**

## મુંબઈ-અમદાવાદ હાઈસ્પીડ રેલ પ્રોજેક્ટમાં ખેડૂતોને જમીન સંપાદનનું વળતર ઓગસ્ટમાં ચૂકવી દેવાશે

**રાજ્ય સરકારના 7 વિભાગના રૂ.1. લાખ 74 હજાર કરોડથી વધુના વિકાસલક્ષી 32 જેટલા હાઇ પ્રાયોરિટી પ્રોજેક્ટ્સને તાકીદે પૂર્ણ કરવા સીએમ ભૂપેન્દ્ર પટેલે સર્વગ્રાહી સમીક્ષા કરી**

ગાંધીનગરઃ રાજ્યના હાઈ ઈમ્પેક્ટ પ્રોજેક્ટની સમીક્ષા બેઠકના ત્રીજા ઉપક્રમમાં રાજ્ય સરકારના વિવિધ 7 વિભાગના કુલ 1 લાખ 74 હજાર કરોડના 32 પ્રોજેક્ટ્સનો અમલ ઝડપથી કરવા માટે આજે સીએમ ભૂપેન્દ્ર પટેલે આ સંબંધિત વિભાગોના વડાઓને તાકીદ કરી હતી.

મુખ્યમંત્રીએ સમીક્ષા દરમિયાન જણાવ્યું હતું કે, પીએમ નરેન્દ્ર મોદીએ વિકસિત ભારતનું જે વિઝન આપ્યું છે તેને અનુરૂપ વિકસિત ગુજરાતના નિર્માણ માટે આ બધા જ વિકાસલક્ષી પ્રોજેક્ટ ઈન્ટીગ્રેટેડ એન્ડ હોલિસ્ટિક ડેવલપમેન્ટના દિશાસૂચક છે. આ સંદર્ભમાં તેમણે કહ્યું હતું કે, પ્રોજેક્ટ નિશ્ચિત સમય મર્યાદામાં અને ગુણવત્તાયુક્ત કામો સાથે પૂરાં થાય એટલું જ નહિં, પ્રોજેક્ટમાં થતા વિલંબથી નાણાંકીય ભારણ વધે નહીં તે પણ સુનિશ્ચિત થાય તે જરૂરી છે. મુખ્યમંત્રીએ મુંબઈ-અમદાવાદ હાઈસ્પીડ રેલ પ્રોજેક્ટમાં જમીન સંપાદનનું વળતર ખેડૂતોને ચૂકવવાની કામગીરી ઓગસ્ટ-2025 સુધીમાં પૂર્ણ કરવાના દિશાનિર્દેશો પણ આપ્યા હતા.

કચ્છના ખાવડામાં આકાર લઈ રહેલા 30 ગીગાવોટના હાઈબ્રિડ રિન્યુએબલ એનર્જી પાર્કની 64 ટકા કામગીરી પૂર્ણ થઈ છે અને 6862 મેગાવૉટના રિન્યુએબલ એનર્જી પ્રોજેક્ટ કાર્યરત થયા છે. એટલું જ નહિ, ડિસેમ્બર-2026 સુધીમાં RE પાર્ક પૂર્ણ કરવાના આયોજન સાથે આગળ વધવાની ઊર્જા વિભાગની કામગીરીની સમીક્ષા પણ મુખ્યમંત્રીએ કરી હતી.

લોથલમાં કેન્દ્ર સરકાર દ્વારા નિર્માણાધીન નેશનલ મેરિટમ હેરિટેજ કોમ્પ્લેક્સની પ્રગતિ સંદર્ભમાં આ સમીક્ષા બેઠકમાં બંદરો અને વાહન વ્યવહાર વિભાગ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, રાજ્ય સરકારે 400 એકર જમીન ફાળવણી, પાણી પુરવઠાની પાઈપલાઈન, વીજ પુરવઠાની ટ્રાન્સમિશન લાઈન અને સરગવાડાથી પ્રોજેક્ટ સાઈટ સુધીનો રસ્તો ચાર-માર્ગીય કરવાની કાર્યવાહી પૂર્ણ કરી છે. આ ઉપરાંત પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, બસ મથક, પોલીસ સ્ટેશન, સ્ટેટ પેવેલિયનની કામગીરી પ્રગતિમાં છે તથા ટુરિઝમ સરકીટનું આયોજન પ્રારંભિક તબક્કે છે તેની વિગતો આપવામાં આવી હતી.

સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેક્ટના ફેઈઝ 1 થી 6 અન્વયે વાસણા બેરેજથી લઈને ગાંધીનગર થર્મલ પાવર સ્ટેશન સુધીની તબક્કાવાર હાથ ધરાનારી કામગીરીની વિગતો સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશનના અધ્યક્ષ આઈ.પી. ગૌતમે આપી હતી. સુરતમાં નિર્માણ થઈ રહેલા ડ્રીમ સિટીના ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ સહિતનો જે માસ્ટર પ્લાન રાજ્ય સરકારમાં સબમિટ કરવામાં આવ્યો છે, તે સંદર્ભમાં આ બેઠકમાં ચર્ચા-પરામર્શ કરવામાં આવ્યા હતા. આ બેઠકમાં શ્રમ અને રોજગાર વિભાગના પ્રોજેક્ટની સમીક્ષા દરમિયાન કૌશલ્ય-ધ સ્કિલ યુનિવર્સિટીના બાંધકામ અને તેને સંલગ્ન બાબતોની સમીક્ષા કરીને મુખ્યમંત્રીએ સમગ્ર કામગીરી ત્વરાએ પૂર્ણ કરી દેવા સૂચન કર્યું હતું. સીએમ ભૂપેન્દ્ર પટેલે બધા જ હાઈ પ્રાયોરિટી પ્રોજેક્ટ્સમાં ક્વોલિટી એસ્યોરન્સને તથા ટાઈમલાઈનને અગ્રતા આપવાની સંબંધિત સચિવોને જરૂરી સૂચનાઓ આપી હતી.

## સુનયના તોમરને સામાન્ય વહીવટ વિભાગના વડાનો ચાર્જ અપાયો, 23 નાયબ સચિવ કક્ષાના અધિકારીઓની બઢતી

ગાંધીનગરઃ 1990ની બેચના આઈએએસ અને રાજ્ય સરકારના સામાન્ય વહીવટ વિભાગના અધિક મુખ્ય સચિવ કમલ દયાણી આજે સાંજે સેવા નિવૃત્ત થતાં, સામાન્ય વહીવટ વિભાગના વડાનો ચાર્જ શિક્ષણ વિભાગના અધિક મુખ્ય સચિવ સુનયના તોમરને આપવામાં આવ્યો છે. જ્યારે વન અને પર્યાવરણ વિભાગના પ્રિન્સીપલ સેક્રેટરી સંજીવ કુમારને જીએસએફસીના એમડીનો વધારાનો ચાર્જ આપવામાં આવ્યો છે. આજે રાજ્ય સરકારે મહત્વના આદેશમાં 23 જેટલા નાયબ સચિવ કક્ષાના અધિકારીઓને બઢતી આપીને તેમને હાલની જગ્યાએ ચાલુ રાખ્યા છે.

## ધોરણ-12 સામાન્ય પ્રવાહની પુરક પરીક્ષાનો ગુણ ચકાસણી રિપોર્ટ વેબસાઈટ પર જાહેર કરાયો

ગાંધીનગરઃ ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલી ધોરણ-12 સામાન્ય પ્રવાહની પુરક પરીક્ષાના પરિણામ બાદ ગુણ ચકાસણીનો રિપોર્ટ બોર્ડની વેબસાઈટ પર મૂકવામાં આવ્યો છે, ઉમેદવારોએ 10મી ઓગસ્ટ સુધી તે ડાઉનલોડ કરી લેવાનો રહેશે. ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડના પરીક્ષા વિભાગના નાયબ નિયામકના જણાવ્યા પ્રમાણે બોર્ડ દ્વારા જૂન- જુલાઈમાં લેવાયેલી ધોરણ-12 સામાન્ય પ્રવાહની પુરક પરીક્ષાનું પરિણામ 17મી જુલાઈના રોજ જાહેર કરવામાં આવ્યું હતું. આ પરિણામ બાદ મળેલી ગુણ ચકાસણીની અરજીઓના અંતે આખરી સુધારા રિપોર્ટ બોર્ડની વેબસાઈટ પર ઓનલાઇન મૂકવામાં આવ્યો છે. અરજી કરનાર ઉમેદવારોએ પોતાનો ગુણ ચકાસણીનો રિપોર્ટ બોર્ડની વેબસાઈટ પરથી 10 ઓગસ્ટ 2025 સુધીમાં ડાઉનલોડ કરી લેવાનો રહેશે.